RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 310 * Date: 31.08.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં ભૂસ્ખલન, ૭ મૃતદેહ મળ્યા:રામબનમાં વાદળ ફાટવાથી ૩ લોકોનાં મોત







જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લાના બદર ગામમાં ભૂસ્ખલન થયું હતું. અત્યાર સુધીમાં કાટમાળમાંથી ૭ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. અહીં વધુ લોકો ફસાયેલા હોવાની આશંકા છે. અન્ય લોકોની શોધખોળ ચાલુ છે.જમ્મુ-કાશ્મીરના રામબનના રાજગઢમાં શનિવારે સવારે વાદળ ફાટવાથી ૩ લોકોના મોત થયા છે. ૨ લોકો ગુમ છે. આખા વિસ્તારમાં ઘણો કાટમાળ ફેલાયેલો છે. અહીં રેસ્ક્યૂ-સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.તેમજ, શુક્રવારે મોડી રાત્રે હિમાચલ પ્રદેશના મંડીના ગોહરમાં વાદળ ફાટ્યું. નંદી પંચાયતના નાસેની નાલામાં ઘણા વાહનો તણાઈ ગયા. શિમલાના જુટોગ કેન્ટમાં ભૂસ્ખલન થયું. સેનાના રહેણાંક મકાનોને ખાલી કરાવવામાં આવ્યા.પંજાબના અમૃતસર, પઠાણકોટ સહિત ૮ જિલ્લામાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ૨૫૦થી વધુ ગામડાઓમાં ૫ થી ૧૫ ફૂટ પાણી ભરાઈ ગયું છે. પૂરમાં અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. ૩ લોકો ગુમ છે.શુક્રવારે ઉત્તરાખંડના ચમોલી, રુદ્રપ્રયાગ, ટિહરી અને બાગેશ્વરમાં વાદળ ફાટવાની ઘટના બની હતી. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોત થયા છે અને ૧૧ લોકો ગુમ થયા છે. બાગેશ્વરના કાપકોટમાં પણ ઘણા ઘરોને નુકસાન થયું છે.યુપીના ૧૮ જિલ્લા પૂરની ઝપેટમાં છે. વરસાદ અને પૂરને કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં ૭૭૪ ઘરો ધરાશાયી થયા છ વારાણસીના તમામ ૮૪ ઘાટનો સંપર્ક તૂટી ગયો છે. બલિયામાં ૧૦ હજાર ઘરોમાં પૂરના પાણી ભરાઈ ગયા છે.જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે વરસાદને કારણે વૈષ્ણોદેવી યાત્રા ૫ દિવસ માટે બંધ કરવામાં આવી છે. ૨૬ ઓગસ્ટના રોજ યાત્રા રૂટ પર ભૂસ્ખલનમાં ૩૪ લોકોના મોત થયા હતા. મહારાષ્ટ્રના લાતુર અને નાંદેડમાં ૫૦ રસ્તાઓ અને પુલો પાણીમાં ડૂબી ગયા છે.

## ટેરિફ વિવાદ મામલે ગમે તેટલું દબાણ કરવામાં આવે, ભારત કોઈપણ કિંમતે સમાધાન કરશે નહીં



ભારતની વિદેશ અને સંરક્ષણ નીતિની ચર્ચા કરતી વખતે તેમણે કહ્યું કે વિશ્વમાં ટ્રેડ વોર જેવી પરિસ્થિતિઓ છે. વિકસિત દેશો વધુને વધુ સંરક્ષણવાદી બની રહ્યા છે. ભારત કોઈને પણ પોતાનો દુશ્મન માનતો નથી, પરંતુ અમે રાષ્ટ્રીય હિત અને લોકોના હિત સાથે સમાધાન કરીશું નહી.અમારા માટે અમારા લોકો, ખેડૂતો, નાના વેપારીઓ, દેશવાસીઓનું હિત સર્વોપરી છે. ગમે તેટલું દબાણ કરવામાં આવે, ભારત કોઈપણ કિંમતે સમાધાન કરશે નહીં.સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાની પ્રશંસા કરતા રક્ષા મંત્રીએ કહ્યું કે વિશ્વ ભારતની સંરક્ષણ ક્ષમતાઓનું સાક્ષી છે. આપણી સેનાએ જે રીતે સ્વદેશી સાધનોથી પાકિસ્તાન પર સચોટ હુમલા કર્યા તે દર્શાવે છે કે દૂરંદેશી અને તૈયારી વિના કોઈપણ મિશન સફળ થઈ શકતું નથી.રક્ષા મંત્રીએ આંતરિક લશ્કરી વિકાસમાં વધારો અને હથિયાર અને શસ્ત્ર પ્રણાલીઓની નિકાસમાંથી પ્રાપ્ત થતી આવકનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, ૨૦૧૪માં, આપણું ડિફેન્સ એક્સપોર્ટ રૂ. ૭૦૦ કરોડથી ઓછુ હતું. આજે તે વધીને લગભગ રૂ. ૨૪ હજાર કરોડ થઈ ગયું છે, જે એક રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. આ દર્શાવે છે કે ભારત હવે ફક્ત ખરીદનાર નથી રહ્યું પરંતુ નિકાસકાર બની રહ્યું છે.પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાંઓ પર ભારતના સચોટ હુમલાના ત્રણ મહિના પછી, વાયુસેનાના ઉપપ્રમુખે ઓપરેશન સિંદૂરના નવા વીડિયો અને વિગતો શેર કરી છે. દ્બફ્રફ ડિફેન્સ સમિટમાં બોલતા, એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ જણાવ્યું હતું કેં છદ્બ એ પાકિસ્તાનને યુદ્ધવિરામ ટેબલ પર લાવવા માટે ૫૦થી ઓછા હથિયારોનો ઉપયોગ કર્યો હતો.તેમણે કહ્યું, 'યુદ્ધ શરૂ કરવું ખૂબ જ સરળ છે પણ તેનો અંત લાવવો એટલો સરળ નથી અને આ એક મહત્વપૂર્ણ બાબત હતી જેને ધ્યાનમાં રાખવાની જરૂર હતી જેથી આપણી સેના એક્ટિવ રહે, તહેનાત રહે અને કોઈપણ સંભવિત પરિસ્થિતિ માટે તૈયાર રહે.

## દાવો- જિનપિંગની સિક્રેટ લેટરથી ભારત-ચીનનાં સંબંધો સુધર્યા:રાષ્ટ્રપતિ મુર્મુને લખ્યું- ટ્રમ્પના ટેરિફથી અમે પરેશાન




નવી દિલ્હી

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને એક લેટર લખ્યો હતો. જેમાં તેમણે અમેરિકા-ભારત સોદાઓને કારણે ચીનના હિતોને થઈ રહેલા સંભવિત નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. બ્લૂમબર્ગના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે.હકીકતમાં, માર્ચમાં, જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પ ચીન સામેના વેપાર યુદ્ધને વધુ તીવ્ર બનાવી રહ્યા હતા, ત્યારે બેઈજિંગે ગુપ્ત રીતે ભારતનો સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું.લેટર દ્વારા તેમણે બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાની શક્યતાઓ શોધી કાઢી હતી. આ પછી જ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થવા લાગ્યો. આના થોડા મહિના પછી, મોદીની ચીનની મુલાકાતની યોજના બનાવવામાં આવી.અહેવાલમાં એક ભારતીય અધિકારીને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે આ લેટર પીએમ મોદીને પણ પહોંચાડવામાં આવ્યો હતો જેથી તેઓ સંબંધો સુધારવાની શક્યતાનું મૂલ્યાંકન કરી શકે.

લેટરમાં ચીને ખાસ ચિંતા વ્યક્ત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચેના કોઈપણ કરારથી ચીનના હિતોને નુકસાન થઈ શકે છે. તેમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે એક પ્રાંતીય અધિકારી બેઈજિંગના સંબંધો સુધારવાના પ્રયાસોનું નેતૃત્વ કરશે.બ્લૂમબર્ગ કહે છે કે જૂન સુધી ભારતે જિનપિંગના લેટરનો કોઈ નક્કર જવાબ આપ્યો ન હતો. પરંતુ પછી પરિસ્થિતિ ઝડપથી બદલાઈ ગઈ અને ભારત અને અમેરિકા વચ્ચેની વેપાર વાટાઘાટો વિવાદોમાં ફસાઈ ગઈ.મેગેઝિને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોને ટાંકીને કહ્યું હતું કે ભારત મુખ્યત્વે બે બાબતોથી નારાજ હતું. પ્રથમ, ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવ્યો હતો, જેને ભારતે સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો.ભારતની સ્થિતિ નબળી પાડવાના પ્રયાસોથી મોદી સરકાર પહેલાથી જ નારાજ હતી પરંતુ આ પછી ભારત પર ૫૦% ટેરિફ લાદવામાં આવ્યો.આ બંને નિર્ણયોથી ભારત-અમેરિકા સંબંધોમાં અસંતોષ અને તણાવ વધ્યો. આ પછી, ભારતે જૂનમાં ચીનની પહેલનો ગંભીરતાથી જવાબ આપવાનું શરૂ કર્યું.પીએમ મોદી ૭ વર્ષ પછી ચીન જઈ રહ્યા છે આ પછી પરિસ્થિતિ ઝડપથી બદલાઈ ગઈ.

## તહેવારોમાં વિશેષ ટ્રેનોની સુવિધા:ઉત્તર ભારતના વતનીઓ માટે ખાસ ટ્રેનો દોડાવાશે

આગામી દિવસોમાં તહેવારની શરૂઆત થશે. દિવાળી, નવું વર્ષ અને વેકેશનને ધ્યાનમાં રાખી રેલવે દ્વારા વિશેષ ટ્રેનો દોડાવવામાં આવતી હોય છે ત્યારે ભારતીય રેલવે દ્વારા હવે વિશેષ ટ્રેન દોડાવવામાં અંગેનો નિર્ણય લીધો છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં મોટા પ્રમાણમાં લોકો વતન તરફ અને વેકેશન માણવા જતા હોય છે. બિહાર જતા યાત્રીઓની સુવિધા માટે ૧૨૦૦૦થી વધુ ટ્રેનો દોડાવવામાં આવશે. આગામી મહિનેથી ટ્રેનો દોડાવવામાં આવનાર છે. ૨૧ સપ્ટેમ્બરથી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી કુલ ૧૫૦ પૂજા સ્પેશિયલ ટ્રેનોના સંચાલન થશે.

તહેવારોના અવસર પર દેશના વિવિધ ભાગોમાંથી મુસાફરોની અવરજવર સરળ બને અને પરિવારજનો સાથે તહેવારોની ઉજવણી કરવા જનારા લોકોને લાભ થાય તેના માટે ભારતીય રેલવે દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને ઉત્તર ભારત, પૂર્વ ભારત અને દક્ષિણ ભારતના મુખ્ય સ્ટેશનો પરથી દોડતી આ ટ્રેનોએ મહાનગરો અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી આપવામાં આવશે.



સ્પેશિયલ ટ્રેન અંતર્ગત દક્ષિણ મધ્ય રેલ્વે મહત્તમ ૪૮ ટ્રેનો ચલાવશે, જે ૬૮૪ ટ્રીપો હશે. આ ટ્રેનો મુખ્યત્વે હૈદરાબાદ, સિકંદરાબાદ અને વિજયવાડા જેવા મુખ્ય સ્ટેશનોથી ચલાવવામાં આવશે. પૂર્વ મધ્ય રેલવે દ્વારા ૧૪ ટ્રેનો જાહેર કરવામાં આવી છે, જે પટના, ગયા, દરભંગા અને મુઝફ્ફરપુર જેવા બિહારના મુખ્ય સ્ટેશનોમાંથી પસાર થશે અને કુલ ૫૮૮ ટ્રિપ્સ ચલાવશે. પૂર્વ રેલવે દ્વારા કોલકાતા, સિયાલદહ, હાવડા જેવા વ્યસ્ત સ્ટેશનોમાંથી ૨૪ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે, જેના માધ્યમથી ૧૯૮ ટ્રિપ્સ સંચાલિત થશે.

જ્યાં પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ, સુરત, વડોદરા જેવા શહેરોથી ૨૪ સ્પેશિયલ ટ્રેનો જાહેર કરવામાં આવી છે, જે ૨૦૪ ટ્રિપ્સ પૂર્ણ કરશે. દક્ષિણ રેલવે દ્વારા ચેન્નઈ, કોયમ્બત્તૂર, મદુરઈ જેવા સ્ટેશનોમાંથી ૧૦ ટ્રેનો ચલાવવામાં આવશે, જે ૬૬ ટ્રિપ્સ હશે. તે ઉપરાંત, પૂર્વ તટ રેલવે દ્વારા ભુવનેશ્ર્વર, પુરી અને સંબલપુર, દક્ષિણ પૂર્વ રેલવે દ્વારા રાંચી, ટાટાનગર, ઉત્તર મધ્ય રેલવે દ્વારા પ્રયાગરાજ, કાનપુર, દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે દ્વારા બિલાસપુર, રાયપુર અને પશ્ચિમ મધ્ય રેલવે દ્વારા ભોપાલ, કોટા જેવા સ્ટેશનોને જોડતી વિશેષ ટ્રેનો સંચાલિત કરવામાં આવશે.અગાઉથી બુકિંગ કરાવવા રેલ મંત્રાલયનો અનુરોધ સ્પેશિયલ ટ્રેનોની યાદી, સમયસૂચિ, રૂટ અને સ્ટોપેજની વિગત રેલવેની અધિકારીક વેબસાઈટ,ૈંઇઝ્રઝ્ર અને નજીકના રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ છે. રેલવે યાત્રીઓને વિનંતી કરાઈ છે

## તંત્રી લેખ......

# ભારતની નિકાસમાં અમેરિકાનો ૨૦% હિસ્સો:ભારત કયા ક્ષેત્રમાં અમેરિકા પર કેટલું નિર્ભર

ભારત વિશ્વભરમાં ૩૮ લાખ કરોડ રૂપિયાનાં ઉત્પાદનોની નિકાસ કરે છે. આમાંથી ૨૦% માલ-સામાન અમેરિકામાં વેચાય છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, ભારત પર ૫૦% યુએસ ટેરિફ લાદવામાં આવ્યા બાદ લગભગ ૪.૨૨ લાખ કરોડ રૂપિયાના એક્સપોર્ટને અસર થશે.અહીં ગ્રાફિક્સ દ્વારા સમજો કે આપણે કઈ પ્રોડક્ટ્સના એક્સપોર્ટમાં અમેરિકા પર કેટલા નિર્ભર છીએ. જો આ પ્રોડક્ટ્સ અમેરિકામાં વેચાતી નથી તો ભારત પાસે કયા વિકલ્પો છે?૫૦ દેશ માટે નવી નિકાસ વ્યૂહરચના: અમેરિકા પર નિર્ભરતા ઘટાડવા માટે સરકારે યુરોપ, રશિયા અથવા અન્ય દેશો સાથે વેપાર વધારવો પડશે. રોઈટર્સના અહેવાલ મુજબ, ટ્રમ્પ દ્વારા ટેરિફ લાદ્યા પછી ભારતના વાણિજ્ય મંત્રાલયે લગભગ ૫૦ દેશ માટે નવી નિકાસ વ્યૂહરચના તૈયાર કરી છે. આ અંતર્ગત ભારત હવે ચીન, મિડલ ઈસ્ટ અને આફ્રિકાનાં બજારો પર ધ્યાન કેન્દ્રિત કરશે.ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે પ્રયાસો : ભારતે પહેલાંથી જ આઈસલેન્ડ, લિક્ટેંસ્ટીન, નોર્વે અને સ્વિટ્ઝર્લૅન્ડ સાથે ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. આ ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. બ્રિટન સાથેની ડીલ આવતા વર્ષે એપ્રિલથી અમલમાં આવી શકે છે. ઓમાન, ચિલી, પેરુ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે વાતચીત ચાલી રહી છે.

# નવસારીને વિકાસના કાર્યોમા પહેલા નંબરે રેવાની ટેવ પડી છે અને આ ટેવ આપડે જાળવી રાખવાની છે. – શ્રી સી.આર.પાટીલ





ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ નવસારી ખાતે નવસારી મહાનગરપાલિકા કક્ષાની શહેરી વિકાસ વર્ષની ઉજવણી અને જિલ્લા પંચાયતની નિર્મળ ગુજરાત હેઠળ સ્વચ્છતા અને જળ વ્યવસ્થાપન માટે સરપંચોની તાલીમ વર્કશોપ પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલજીની મુખ્ય ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં નવસારી યુડિવાય ૨૦૨૫ સિટી એકશન પ્લાન ની બુકનુ લોન્ચિંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઇ દેસાઇએ પ્રાસંગીક સંબોધન કર્યુ હતું. કાર્યક્રમમાં નવસારીમા પુર્ણ થયેલ પ્રોજેક્ટસનુ લોકાર્પણ અને નવા પ્રોજેક્ટસનું ભૂમિપુજન શ્રી સી.આર.પાટીલજીના હસ્તે કરવામાં આવ્યું. શ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, મહાનગર પાલિકા બન્યા પછી કમિશ્નર તરીકે શ્રી દેવુ ચૌધરીજીએ જે જવાબદારી સંભાળીને જે કાર્યો કર્યા છે તેમા વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન. નવસારીને વિકાસના કાર્યોમા પહેલા નંબરે રેવાની ટેવ પડી છે અને આ ટેવ આપડે જાળવી રાખવાની છે. દરેક કામમા,સગવડમા અને તેની ગુણવતામા નવસારી પ્રથમ રહેવુ જોઈએ તેમા સૌનો સાથ સહકાર રહેવો જરૂરી છે. આપણે નવસારી માટે એક સુત્ર બનાવ્યુ હતું કે, સ્વચ્છ નવસારી, જવાબદારી અમારી.વડાપ્રધાનશ્રીએ જયારે આદર્શ ગામની યોજના જાહેર કરી હતી ત્યારે સૌથી પહેલુ આદર્શ ગામ નવસારી જીલ્લાનુ ચિખલી બન્યુ હતું અને પછી ગણદેવી બન્યુ.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે દરેક જણે નવસારીની વિશેષતાને લોકો સુધી પહોંચાડવા વિનંતી. કેન્દ્રસરકારની દરેક યોજનાનો લાભ લાભાર્થીઓને પહોચાડવાનો પ્રયાસ કર્યો છે. સ્વચ્છતા અભિયાન પણ વેગવંતુ બને તે માટે વિનંતી કરી. વડાપ્રધાનશ્રીના જન્મદિવસથી લાલબહાદુર શાસ્ત્રીજીના જન્મજંયતિ સુધીના ૧૭થી ૨ તારીખ સુધીના કાર્યક્રમમા સ્વચ્છતાના કાર્યક્રમ થાય, એક પેડ મા કે નામ, રેઈન વોટર હાર્વેસ્ટીંગના કામ થાય તે માટે વિનંતી કરી. સરપંચ તો તેમના ગામના મુખ્યમંત્રી કહેવાય છે એટલે મુખ્યમંત્રીની જેમ લો એન્ડ ઓર્ડર સિવાય બધા કાર્યો કરવાના હોય છે. સરપંચોએ કેન્દ્ર અને રાજય સરકારની બધી યોજના લાગુ થાય તે માટે પ્રયત્ન કરવાનો છે. ગામની શાળા આદર્શ શાળા બને તે માટે આયોજન કરવા જોઈએ. દરેક સરપંચ તેમના ગામમા કઈ જરૂરિયાત છે તેની એક યાદી બનાવી જોઈએ.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે,વરસાદી પાણીને જમીનમા ઉતારવા બોરનુ નિર્માણ કરવા સૌને માર્ગદર્શન આપ્યું. જમીનમા વરસાદી પાણી ઉતારવામાં આવે તો જયારે પાણી જોઈએ ત્યારે ઓછા ખર્ચમા આપણે પાણીને પરત મેળવી શકીએ છીએ. ૩૩ રાજયોમા કુલ ૬૧૧ જિલ્લામાં ૩૨ લાખ જેટલા બોરના સ્ટ્રકચર તૈયાર કરી દીધા છે. નવસારીમા કયા પ્રકારના કામ કરવા જોઈએ તેની એક બુક અંહી આપવામાં આવી છે તેથી સૌએ પ્રયત્ન કરવા જોઈએ કે બુકમા આપેલા કામો અને તે સિવાયના કામોની ચર્ચા કરી આયોજન કરવુ જોઈએ. સૌએ સંકલ્પ કરવો જોઈએ કે તમામ સુવિધા સારી ગુણવતા સભર કામ થાય તે માટે સંકલ્પ આજે કરવો જોઈએ. આવનાર પેઢી આપણને કોઈ ફરિયાદ કરે તેની જગ્યાએ સારા કામ માટે આપણને યાદ કરે તેવા પ્રયત્ન કરવા જોઈએ.

# બગવાડા ચોકમાં પૂતળાનું દહન કરતાં ૧૫-૨૦ અજાણ્યા લોકો સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ



પાટણ શહેરના બગવાડા ચોકમાં ગઈકાલે સાંજે નગરપાલિકાના ચીફ ઓફિસર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સાંજે ૪ વાગ્યાના સુમારે સિદ્ધરાજ જયસિંહના પૂતળા પાસે કેટલાક લોકોએ 'પાટણ નગરપાલિકા ચીફ ઓફિસર હાય હાય'ના નારા લગાવ્યા હતા.વિરોધ પ્રદર્શન દરમિયાન આ લોકોએ રસ્તાની વચ્ચે ઘાસનું બનાવેલું પૂતળું સળગાવ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસને જોઈને ટોળું વિખેરાઈ ગયું હતું. પોલીસે તાત્કાલિક પાણી છાંટીને પૂતળામાં લાગેલી આગ બુઝાવી દીધી હતી.

## પ્રેમલગ્નના કાયદામાં ફેરફારની માગ સાથે જન ક્રાંતિ મહારેલી

# અવસર પાર્ટી પ્લોટથી શરૂ થયેલી રેલીમાં પાટીદાર આગેવાનો જોડાયા, રાજકીય પાર્ટીઓ અને વિવિધ સમાજનું સમર્થન



પ્રેમલગ્ન નોંધણીના કાયદાઓમાં ફેરફારની માગ સાથે મહેસાણામાં આજે શનિવારે (૩૦ ઓગસ્ટે) એક ભવ્ય જન ક્રાંતિ મહારેલી નીકળી છે. આ રેલીમાં મહેસાણા જિલ્લાના વિવિધ રાજકીય પક્ષોના અને સમાજના અગ્રણીઓ જોડાયા છે. અવસર પાર્ટી પ્લોટથી શરૂ થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે. રેલીના આયોજકો દ્વારા પ્રેમ લગ્નના કાયદામાં કેટલાક મહત્વના ફેરફારો કરવા માટે સરકાર સમક્ષ માગણીઓ મૂકવામાં આવી છે. આયોજકોએ જણાવ્યું હતું કે, આ રેલીનો ઉદ્દેશ્ય સામાજિક મૂલ્યોનું રક્ષણ કરવાનો અને યુવાનોને જવાબદાર બનાવવાનો છે. સરકાર આ માગણીઓ પર ગંભીરતાથી વિચારણા કરે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.ગુજરાતના તમામ પાસ કન્વીનરો અને વિવિધ સમાજોના અગ્રણીઓ પણ આ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. પાટીદાર આંદોલન સમિતિ (પાસ)ના કન્વીનર સતીશ પટેલે જણાવ્યું હતું કે પ્રેમલગ્નના કાયદાઓમાં જરૂરી ફેરફાર થાય તે માટે દરેક સમાજની જુદી જુદી માગો છે, અને આ રેલી તે તમામ માગોને સરકાર સમક્ષ રજૂ કરવા માટેનું એક મંચ બનશે.તાજેતરમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ દીકરીઓનાં લગ્નની ઉંમર ૨૧ વર્ષ કરવા તેમજ કોઈ પણ લગ્નની નોંધણી કન્યાના કાયમી નિવાસસ્થાન ખાતે જ કરવાની મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરી છે.તેમણે પત્રમાં લખ્યું છે કે. સમાજમાં દીકરીઓનાં લગ્ન ૨૧થી ૨૨ વર્ષે કરવામાં આવે છે. છોકરીઓ ૧૨મા ધોરણમાં કે કોલેજમાં ભણતી હોય ત્યારે તેને પ્રેમજાળમાં ફસાવવામાં આવે છે અને તેની ઉંમર ૧૮ વર્ષની થાય તેની રાહ જોવામાં આવે છે. છોકરીઓની ઉંમર ૧૮ વર્ષ થાય ત્યાર બાદ બીજા, પાંચમા કે પંદરમા દિવસે ભાગી કે ભગાડી જવામાં આવે છે.ભાગી જનાર છોકરા-છોકરીઓનાં આયોજનબદ્ધ લગ્ન કરાવવાનું ષડયંત્ર ચાલતું હોવાના આક્ષેપ કરતા લખ્યું છે કે, ભાગીને લગ્ન કરનાર યુગલ દૂરના જિલ્લામાં કોઈ અંતરિયાળ ગામોમાં કોઈ પણ પ્રકારના ડોક્યુમેન્ટ વગર પૈસા લઈને કરી આપવામાં આવે છે. એમને પંચમહાલ, આણંદ અને અમરેલી જિલ્લાઓમાં અંતરિયાળ વિસ્તારોનાં કેટલાંક ગામોમાં ભાગી જનાર યુગલોનાં લગ્ન કરાવી આપતા છે.

# પાટણમાં ગણેશ વિસર્જન માટે કૃત્રિમ કુંડની વ્યવસ્થા: નદીમાં પ્રવેશ પર પ્રતિબંધ, સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ





પાટણમાં સરસ્વતી નદી કાંઠે આનંદેશ્વર મહાદેવ નજીક ગણેશ વિસર્જન માટે વિશેષ કૃત્રિમ કુંડની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કુંડ ૨૫ ફૂટ પહોળો અને ૮ ફૂટ ઊંડો છે. કુંડમાં કાળા રંગનું મેણિયું પાથરી ટેન્કર દ્વારા પાણી ભરવામાં આવ્યું છે.

સુરક્ષાની દૃષ્ટિએ સવારે ૮થી રાત્રે ૮ સુધી કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ચાર ફાયર બ્રિગેડ કર્મચારીઓ, ત્રણ હોમગાર્ડ્ઝ અને પોલીસ કર્મીઓનો સમાવેશ થાય છે. સ્થળ પર સેફ્ટી બોટ, ફાયર બ્રિગેડની ગાડી અને બંબો પણ તૈનાત કરાયા છે.નદીના ઉત્તર ભાગમાં મેલડી માતાના મંદિર તરફ અને કેનાલ વિસ્તારમાં પણ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. સરસ્વતી જળાશય યોજના દ્વારા લાલ અક્ષરે જાહેર ચેતવણી મૂકવામાં આવી છે. જેમાં નદીમાં સ્નાન, મૂર્તિ વિસર્જન, ફોટોગ્રાફી કે અન્ય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ કડક પગલાં ૨૦૨૪માં થયેલી દુર્ઘટનાને કારણે લેવામાં આવ્યા છે, જ્યારે ગણેશ વિસર્જન દરમિયાન એક પ્રજાપતિ પરિવારના ચાર સભ્યો નદીમાં ડૂબી ગયા હતા. શુક્રવારે એક દિવસના ગણેશજીનું વિસર્જન કૃત્રિમ કુંડમાં શરૂ થયું છે. આગામી દિવસોમાં પાંચ, સાત અને દસ દિવસના ગણેશજીનું વિસર્જન પણ અહીં કરવામાં આવશે.

# હિંમતનગરમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર, ૧૩ જેટલી કાર તણાઈ, પોશ વિસ્તારોમાં ઘૂસ્યા પાણી



સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે અને મોડી રાત બાદ હિંમતનગર શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. અનરાધાર વરસાદને કારણે હિંમતનગર શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થયા છે, જ્યારે પોશ વિસ્તારોમાં પણ ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે.મળતી માહિતી મુજબ, રાત્રિના સમયે શરૂ થયેલો વરસાદ સવાર સુધી વરસતા રહ્યો હતો, જેના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ખાસ કરીને શહેરના પૂર્વ વિસ્તારમાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અહીંના પોશ વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, અને કેટલાક ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી છે. વરસાદના પાણીમાં અંદાજે ૧૩ જેટલી મોંઘી કાર પણ ડૂબી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.વરસાદને કારણે હિંમતનગરનું બળવંતપુરા રેલવે અંડરપાસ પણ સંપૂર્ણપણે પાણીથી ભરાઈ ગયો છે. ૧૭ ફૂટ ઊંડો આ અંડરપાસ પાણીથી છલોછલ ભરાઈ જતા તે 'સ્વિમિંગ પૂલ' જેવો દેખાઈ રહ્યો છે. અંડરપાસમાં પાણી ભરાતા વાહનવ્યવહાર થંભી ગયો છે, જેના કારણે લોકોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવો પડી રહ્યો છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG NO.0059
વિષય ટેન્સન
ગધ્ય લેખ
શિર્ષક ટુંકું અને ટચ
શબ્દો ૨૦૯




સમગ્ર વિશ્ર્વની પ્રજા આજે મજુર બનીને ચોવીસ કલાક અદ્રશ્ય બોજો ઊપાડીને ઘુમી રહીછે ,છતાં એક પૈસા ની પણ આવક નથી પણ અનેક બિમારીઓ બોજાથીજ નોતરેછે.
નાના ને નાનો બોજો છે તો મોટાનો મોટો બોજો !
બોજો એટલે પ્યારે' વિવિધ પ્રકારના ટેન્સન !
બાળક થી બૂઢા ને આ બિમારી સાથેજ જીવવૂ પડેછે. પ્યારે આ આપણેજ નોતરેલો કાયમી મહેમાન છે ?
બાળકને પરિક્ષાનુ ટેન્સન તો મા બાપને તેના એડમિસનથી તેની ઊચ્ચ કારકિર્દી થી તેના પરિવાર સુધીની ચિંતા સાથે આવક જાવક સુધીના પ્લાન ને સફળ બનાવવાની ફિકર !
ટેન્સન કોઈને છોડતુ નથી અને માનવી તેને છોડી શકતો નથી સમજોને માનવી અને ટેન્સન એક સિક્કાની બે બાજુઓ !
પ્યારે' આ આપણી પ્રગતિ કે અધોગતી !
ટેન્સન માથી છૂટવાનો એકજ રામબાણ ઉપાય એટલે પ્યારે' ફીકરની ફાંકી બનાવવાની અતૂલ્ય હસ્તગત આવડત !
સમજોને પ્યારે ટેન્સન લેવાનુ ભૂલી ટેન્સન આપવાની અનોખી આવડતમા
એમ બી એ કરવાની ડિગ્રી મેળવવાનો નવો કોર્સ !

જયકાન્ત ઘેલાણી પ્યારે.



આજ ના પવિત્ર ઋષિ પાંચમ ના પર્વ નિમિતે ખંભાત સ્થિત ધનજી શાહ ની પોળ માં આવેલા ગુજરાત ના એક માત્ર અતિ પૌરાણિક સપ્તઋષિ મહારાજ ના મંદિર માં બિરાજમાન સપ્તઋષિ ના વિશેષ દર્શન...

# દિવ્યાંગને બસની જરૂરિયાત

માહિતગાર સૂત્ર અનુસાર વડાપ્રધાનશ્રી ના આગમન સમયે દિવ્યાંગ આઈ ટી આઈ રાજકોટ ને બસ ફાળવવાની એક રજુઆત કરવામાં આવી હતી. મનોદિવ્યાંગ, અંધ, અપંગ, બહેરામૂંગા બાળકો ને તેમના ઘેર થી લાવવા તેમજ ઘેર મુકવા એક સ્વતંત્ર મીનીબસ ની આઈ ટી આઈ ને જરૂરિયાત છે. આઈ ટી આઈ ના તમામ બાળકો જાતે આવવા અસમર્થ હોવાથી જો તેમને આ સુવિધા મળે તો વાલી પણ નિશ્ચિન્ત બની શકે તેમ છે.

તાજેતર મા મળતી માહિતી અનુસાર આ વિભાગ ના ધૃતિ એચ જોષી મદદનીશ તાલીમ નિયામક દ્વારા નવી બસ ખરીદવા વિભાગ ની મંજૂરી મેળવી ખરીદવી જોઈએ, પણ તે બાબતે તેઓ નિષ્કાળજી રાખી ને નિયામકશ્રી નીતિનભાઈ સાંગવાન ને ગેરમાર્ગે દોરી ને ગામડા ની બસ નો નકામો ઓર્ડર કરાવી દેતા હોવાનું જાણ મા આવેલ છે.એ વિભાગ ના મેનેજીંગ ડાઈરેક્ટર નાગાર્જુન તો એકદમ સરળ પ્રકૃતિ ધરાવે છે, પણ ગામડા ની બસ ના વિભાગ ને બુદ્ધિ વગર ના અધિકારીઓ પત્ર લખે છે જે તેમની દિવ્યાંગતા ના કેસ મા પોતાની દિવ્યાંગતા રાખતા હોય તેમ જણાઈ આવે છે.

કૃપા પંડ્યા નામના અધિકારી દ્વારા ભૂતકાળ મા ૭૬ લાખ ફાળવવામાં આવ્યા હતા પણ એ બસ માટે કેમ વાપરવામાં ન આવ્યા તે તપાસ નો વિષય છે કે એ રૂપિયા કોઈ ખાઈ તો ગયા નથી ને?

આખે આખા રોડ કે બિલ્ડીગો ખાઈ જતા લોકો દિવ્યાંગ ની બસ ના રૂપિયા પણ ખાઈ જાય તો તેમા નવાઈ પામવા જેવું કશું નથી.

જે દિવ્યાંગો ને ઊંચકવા પડે તેવા દિવ્યાંગ માટે સહેજ પણ લાગણી નથી કારણકે એ અધિકારી કે નેતાઓ ના પોતાના છોકરા કે છોકરી દિવ્યાંગ નથી, હોય તો ખબર પડે અને બસ પણ તરત મળે.

કે. કૈલાસનાથન જેવા કે એસ કે નંદા જેવા સચિવો ના સમય મા લોકો પ્રત્યે કરુણા હતી પણ અત્યારે તો ક્યાંય કરુણા નથી.

સાંસદ તેમજ ધારાસભ્ય ની ગ્રાન્ટ વાપરતા નથી અને અંતે પરત જમા કરાવતા હોય છે, પણ આ કામ મા કેમ ગ્રાન્ટ વાપરવી એની કોઠાસૂઝ કે આવડત કે દિવ્યાંગ ને મદદરૂપ ન થવાની નીતિ હોય તેમ જણાય છે.

ગાય, ગરીબ, દિવ્યાંગ ઉપર ની માનવતા મરી પરવારી હોઈ તેમ લાગે છે.

હું બળભદ્રસિંહજી ચુડાસમા ક્ષત્રિય આગેવાન તરીકે સરકાર શ્રી ના આ વિભાગ ના ક્ષત્રિય આગેવાન અને મંત્રીશ્રી બળવંતસિંહજી રાજપૂત સાહેબ ને વિનંતી કરું છુ કે સાહેબ બીજા ભલે નિર્દય બને પણ ક્ષત્રિયધર્મ કે રાજધર્મ બને મુજબ આ બાળકો એમના હકદાર હોવાથી તેમને ન્યાય મળવો જોઈએ.

આ લેખ સરકાર, અધિકારીઓ કે કોઈ ને પણ બદનામ કરવા ના ઈરાદા કરતા દિવ્યાંગ પ્રત્યે ની કરુણા ના ઈરાદા થી લખેલ છે.


બલભદ્રસિંહજી ચુડાસમા
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ




સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં મેજર ધ્યાનચંદની યાદમાં રાષ્ટ્રીય રમત દિવસના ભાગ રૂપે બીજા દિવસે તા.-૩૦-૦૮-૨૦૨૫ને શનિવારના રોજ આચાર્યશ્રી ડૉ.એન.કે.સોનારા સાહેબના માર્ગદર્શન હેઠળ ખેલકૂદ ધારાના કો-ઓર્ડિનેટર ડૉ.ભાવેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવી. જેની થીમ 'હર ગલી, હર મેદાન, ખેલે સારા હિંદુસ્તાન અને ખેલે ભી, ખીલે ભી' રહી. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓને "Asian Powelifting Championships-2025"Blue Pavilion, Nepalના વિજેતા ખેલાડી શ્રી યુવરાજ સિંહ (ગોલ્ડ મેંડલ) ગામ.વાસડા, શ્રી શેરસિંહ (સિલ્વર મેંડલ) ગામ વાસડા, પ્રભાત કુમાર(સિલ્વર મેંડલ) અને ઈમરાનભાઈ કોચ જિંમ્માસિટકની વિશેષ ઉપસ્થિતિ રહીને કૉલેજના વિદ્યાર્થીઓને રમત-ગમત અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ.હિતેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી. ત્યારબાદ ચક્ર ફેક, ગોળા ફેક, બરસી ફેક, ૧૦૦ મીટર દોડ, જેવી રમતોમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ડો.મહેશભાઇ પ્રજાપતિ, ડો.વર્ષાબેન ચૌધરી, ડો.હિતેશ ભાઈ ઠક્કર, પ્રા.જયભાઈ બુદદેવ, પ્રા.ફરહિના બેન શેખએ વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તમામ સ્ટાફ મિત્રોએ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

## ગાંધીનગર કલેક્ટરશ્રી મેહુલ દવેની? આગેવાનીમાં ગાંધીનગર ભૂસ્તર તંત્રની ભૂમાફિયાઓ સામે લાલ આંખ

કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ દવે ના માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી દ્વારા સરકારશ્રીની મહેસુલી આવક વધે તથા બિનઅધિકૃત ખનીજ ખનન, વહન અને સંગ્રહ કરતા ઈસમો સામે દંડકીય રકમની વસુલાત કરવા અંગે ક્ષેત્રિય ટીમ દ્વારા રોડ ચેકિંગ અંગેની કામગીરી દરમ્યાન અત્રેની કચેરીના માઈન્સ સુપરવાઈઝરશ્રીઓ દ્વારા તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ અન્ય જીલ્લામાંથી ખનિજ ભરી આવતા ડમ્પર વાહનોને રોડ ચેકિંગ દરમ્યાન વહેલી સવારે આશરે ૦૨:૦૦ કલાકે કલોલ રોડ ખાતે ૦૨ ડમ્પર તથા ૦૧ ડમ્પર આશરે ૦૨:૩૦ કલાકે મોજે. અડાલજ ખાતે રોકી તપાસ કરતા બિનઅધિકૃત સાદીરેતી ખનીજના




વહન અન્વયે ૦૨ ડમ્પર રોયલ્ટી પાસ વગર તથા ૦૧ ડમ્પર ઓવરલોડ વહન કરતા મળી કુલ ૦૩ ડમ્પરો જપ્ત કરવામાં આવેલ છે. જેમાં (૧) મોજે- મોટી ભોયણ, તા.કલોલ, જિ. ગાંધીનગર પાસેથી વાહન ડમ્પર નં- જ્ત-૧૪-ઠ-૮૨૩૬ ના ડમ્પર માલિક દ્વારા બિનઅધિકૃત ૩૫.૪૦ મેં.ટન રોયલ્ટી પાસ વગર સાદીરેતી ખનીજ ભરી વહન કરતા પકડાયેલ. (૨) મોજે- અડાલજ તા., જિ. ગાંધીનગર પાસેના બાલાપીર ચોકડી ખાતેથી વાહન ડમ્પર નં- જ્ત-૨૪-ઠ-૫૪૨૦ ના ડમ્પર માલિક દ્વારા બિનઅધિકૃત ૩૦.૨૯ મેં.ટન રોયલ્ટી પાસ વગર સાદીરેતી ખનીજ ભરી વહન કરતા પકડાયેલ. (૩) મોજે- ઓળા, તા.કલોલ, જિ. ગાંધીનગર પાસેથી વાહન ડમ્પર નં- છજી-૦૨-ફઝ-૭૯૦૩ ના ડમ્પર માલિક દ્વારા બિનઅધિકૃત ૦૯.૯૦ મેં.ટન રોયલ્ટી પાસ કરતા વધુ સાદીરેતી ખનીજ ભરી વહન કરતા પકડાયેલ.

આમ કુલ ૦૩ વાહનોની આશરે કુલ ૯૦ લાખ અને ખનિજ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. ઉપરોક્ત જપ્ત કરેલ વાહન વાહનમાલિક વિરૂધ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈ લ લી ગ લ માઈનીંગ,ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ આજે જાપાનના પ્રધાનમંત્રી શ્રી શિગેરુ ઈશિબા સાથે બુલેટ ટ્રેનમાં મુસાફરી કરી. આ અવસરે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જાપાનમાં બુલેટ ટ્રેન ચલાવવાની તાલીમ લઈ રહેલા ભારતીય લોકો પાઈલટ્સ સાથે પણ મુલાકાત કરી.

# ગુજરાતના કૃષિ વિકાસનો સથવારો; બીજ નિગમનો ગુણવત્તાયુક્ત અને પ્રમાણિત બીજવારો








ગુજરાતીમાં એક કહેવત છે કે ''જેની દાળ બગડી એનો દિવસ બગડ્યો અને જેનું અથાણું બગડ્યું એમનું વર્ષ બગડ્યું''. તેવી જ રીતે, કૃષિ ક્ષેત્રમાં પણ કહી શકાય કે, 'જેનું બિયારણ નબળું, એ ખેડૂતનું આખું વર્ષ નબળું'. કારણ કે, કોઈપણ પાકના ઉત્પાદનમાં ગુણવત્તાયુક્ત બીજવારો (બિયારણ) સૌથી પાયાનું અને મહત્વપૂર્ણ ઘટક હોય છે. જો બીજ જ ઉત્તમ ન હોય, તો જમીન, પાણી, ખાતર અને ખેડૂતની મહેનત જેવા બધા જ પરિબળો નિરર્થક સાબિત થાય છે. ગુણવત્તાયુક્ત બિયારણ ખેતી ખર્ચ ઘટાડીને અને ઉત્પાદન વધારીને ખેડૂતોની આર્થિક સ્થિતિને મજબૂત બનાવે છે.

ગુજરાતના ખેડૂતોને ગુણવત્તાસભર અને પ્રમાણિત બિયારણ પૂરું પાડીને તેમની આવક વધારવાના શુભ આશય સાથે ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણનું ઉત્પાદન અને વિતરણ કરવામાં આવે છે. બીજ નિગમ દ્વારા રાજ્યના છેવાડાના ખેડૂતો સુધી સમયસર, યોગ્ય અને ઉચ્ચ ગુણવત્તા ધરાવતું બિયારણ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. બીજ નિગમ દ્વારા ગત વર્ષે કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ પ્રમાણિત બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. જેની સામે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં આશરે ૩.૪૦ લાખ ક્વિન્ટલ બિયારણ ખેડૂતોને વિતરણ કરવામાં આવશે.

આ અંગે વિગતો આપતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, બીજ નિગમ દ્વારા ઘઉં, ડાંગર, મગફળી, હા.દિવેલા, સોયાબીન, ચણા, મગ અને જીરૂ સહિત કુલ ૨૪ મુખ્ય પાકોની અંદાજે ૧૨૫થી વધુ જાતોના ગુણવત્તાયુક્ત બિયારણોનું ઉત્પાદન સહ વેચાણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેલ્લા ત્રણ વર્ષથી બીજ નિગમ દ્વારા બિયારણનું ઉત્પાદન અને વેચાણ સતત વધી રહ્યું છે. નિગમ દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં ૩.૭૫ લાખ ક્વિન્ટલ બીજ ઉત્પાદનનું તેમજ વર્ષ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૪ લાખ ક્વિન્ટલથી વધુ બીજ વિતરણ કરવાનું આયોજન કર્યું છે.

કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, બીજ નિગમ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૩૮ લાખ ક્વિન્ટલ બિયારણના ઉત્પાદન સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૩.૬૮ લાખ ક્વિન્ટલ બિયારણનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. એટલે કે, માત્ર બે જ વર્ષમાં બિયારણના ઉત્પાદનમાં ૧.૩૦ લાખ ક્વિન્ટલ વધારો જોવા મળ્યો છે. તેવી જ રીતે, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨.૪૯ લાખ ક્વિન્ટલ બિયારણના વિતરણ સામે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૨.૯૭ લાખ ક્વિન્ટલ બિયારણનું વેચાણ કરવામાં આવ્યું હતું. એમાં પણ, માત્ર બે જ વર્ષમાં ૪૮,૦૦૦ ક્વિન્ટલનો વધારો જોવા મળ્યો છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે, બીજ નિગમ સતત પોતાનું કાર્યક્ષેત્ર અને ઉત્પાદન ક્ષમતા વધારી રહ્યું છે.

૧. ગુણવત્તાની ખાતરી: નિગમ દ્વારા જે તે વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો સાથે મળીને બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. આ પ્રક્રિયામાં વાવણીથી લઈને પાકની કાપણી, પ્રોસેસિંગ, પેકેજિંગ અને સ્ટોરેજ સુધીની તમામ બાબતોનું વૈજ્ઞાનિક ઢબે નિરીક્ષણ કરવામાં આવે છે. જેમાં ઉત્પાદિત થયેલા બીજને પ્રમાણન એજન્સી દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે, જે સુનિશ્ચિત કરે છે કે બીજની આનુવંશિક શુદ્ધતા, ભૌતિક શુદ્ધતા અને અંકુરણ ક્ષમતા ઉચ્ચતમ સ્તરની છે.૨. વ્યાજબી ભાવ અને સરળ ઉપલબ્ધતા: નિગમ દ્વારા રાજ્યભરમાં ગામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સહકારી સંસ્થાઓ અને ખાનગી અધિકૃત બીજ વિક્રેતાઓ મારફત બીજનું વેચાણ-વિતરણ કરવામાં આવે છે. હાલમાં, નિગમ કુલ ૧,૨૮૯ અધિકૃત બીજ વિક્રેતાનું વિશાળ નેટવર્ક ધરાવે છે, જેમાં ૪૦૧ સહકારી સંસ્થાઓ, ૩૬૭ કૃષિ-ક્લિનિક્સ અને કૃષિ વ્યવસાય કેન્દ્રો, ૫૨૧ ખાનગી સંસ્થાનો સમાવેશ થાય છે. આ નેટવર્કના માધ્યમથી રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ખેડૂતોને પણ સમાન ભાવે અને સરળતાથી બિયારણ મળી રહે છે.૩. કૃષિ સંશોધનને વેગ: બીજ નિગમ કૃષિ યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ દ્વારા નવી ભલામણ કરાયેલી જાતોના બીજ ઉત્પાદનને પ્રાધાન્ય આપે છે અને જૂની જાતોનું ઉત્પાદન ઘટાડીને, વેરાયટલ રિપ્લેસમેન્ટ રેટ (ફઇઇ) અને સીડ રિપ્લેસમેન્ટ રેશિયો (જીઇઇ) વધારવાનો પ્રયાસ કરે છે. જેથી નવી, વધુ ઉપજ આપતી અને રોગપ્રતિકારક જાતો ઝડપથી ખેડૂતો સુધી પહોંચે છે અને સમગ્ર કૃષિ ક્ષેત્રની ઉત્પાદકતામાં સુધારો થાય છે.એટલા માટે જ, આજે ગુજરાત રાજ્ય બીજ નિગમ માત્ર બિયારણનું ઉત્પાદન અને વેચાણ કરતી એક સંસ્થા જ નહિ, પરંતુ ગુજરાતના અનેક ખેડૂતોના વિશ્વાસનું પ્રતીક બન્યું છે.

### કોંગ્રેસનો અસલી ચહેરો ફરી એક વખત જનતા સમક્ષ છતો થયો

# બિહાર અને દેશની જનતા કોંગ્રેસને ઉખેડી ફેંકશે : આશિષકુમાર દવે




ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, કોંગ્રેસ દ્વારા બિહારમાં જાહેર મંચ ઉપરથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના સ્વર્ગીય માતૃશ્રી પર કરાયેલ નિમ્નસ્તરની અભદ્ર અને અશોભનીય ટિપ્પણીના વિરોધમાં ગાંધીનગર શહેર ભાજપ દ્વારા શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપના યુવા મોરચા દ્વારા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના પૂતળા દહન અને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ઘ-૫ સર્કલ પાસે યોજાઈ ગયો હતો જેમાં ' રાહુલ ગાંધી માફી માગે', ' હાય રે કોંગ્રેસ હાય' ના નારાઓ સાથે રાહુલ ગાંધીનું પૂતળું બાળવામાં આવ્યું હતું.આ પ્રસંગે મીડિયાને સંબોધન કરતા શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે એ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા ન સાંખી શકનાર કોંગ્રેસ અનેક વર્ષો થી શ્રી મોદીજી માટે અપશબ્દોનો પ્રયોગ કરતી આવી છે, સોનિયા ગાંધીએ મોતના સોદાગર કહ્યા, રાહુલ ગાંધીએ ચોકીદાર ચોર છે કહ્યું, આના સિવાય વિપક્ષના અનેક નેતાઓ એ અનેક વખત ભાષાની મર્યાદા વટાવી મોદીજીનું અપમાન કર્યું અને દરેક વખત કોંગ્રેસે કારમી હારનો સામનો કરવો પડ્યો છે. પરંતુ આ વખતે નિમ્નતાની તમામ હદો વટાવતા કોંગ્રેસના જાહેર મંચ ઉપરથી શ્રી નરેન્દ્રભાઈ મોદી નીસ્વર્ગસ્થ માતા માટે હીન કક્ષાના અપશબ્દો બોલાયા છે તેનો જવાબ બિહાર અને દેશની જનતા કોંગ્રેસને ધરમૂળ માથી ઉખાડીને ફેંકી દેશે. કોંગ્રેસનો અસલી ચહેરો ફરી એક વખત જનતા સમક્ષ છતો થયો છે.આ વિરોધ પ્રદર્શનમાં ધારાસભ્યશ્રીઓ રીટાબેન પટેલ, અલ્પેશજી ઠાકોર, મેયર મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ, નગરસેવકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર શહેર ભાજપના પદયાત્રી સેવા કેન્દ્રની મુલાકાત લીધી



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા. ૨૯ ઓગસ્ટ શુક્રવારે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી માં અંબાના દર્શનાર્થે પગપાળા જતા પદયાત્રીઓના સેવાર્થે ગાંધીનગર શહેર ભાજપ દ્વારા કાર્યરત પદયાત્રી સેવા કેન્દ્રની મુલાકાત કરી હતી. સેવા કેન્દ્રમાં પધારેલ મુખ્યમંત્રીશ્રીનું શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે, ધારાસભ્યો રીટાબેન પટેલ, અલ્પેશજી ઠાકોર, મેયર મીરાબેન પટેલ સહિતના આગેવાનોએ ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

સરળ સ્વભાવ, ડાઉન ટુ અર્થ વ્યક્તિત્વ ધરાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કોમન મેન ની જેમ સેવા કેન્દ્રમાં વિશ્રામ કરી રહેલા પદયાત્રીઓ સાથે મુલાકાત કરી વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત ભાજપા આગેવાનો અને કાર્યકરો સાથે પણ સંવાદ કર્યો હતો. ગતરોજ ભાજપા અગ્રણી અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, પ્રદેશ ભાજપ મીડિયા સંયોજક યજ્ઞેશભાઈ દવે, પ્રદેશ સહકાર સેલના સંયોજક બિપીનભાઈ પટેલ (ગોતા) સહિત વિવિધ ક્ષેત્રના આમંત્રિત અગ્રણીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અરવલ્લીની દીકરી વિના ખલીફા એ શિયન ચેમ્પિયનશિપમાં બ્રાન્ઝ જીતી રાજન ગૌરવ વધાર્યું


મોડાસર

અરવલ્લી જિલ્લો રમત ગમતના ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવે છે અને ખાસ કરીને ધનસુરા તાલુકા ના વડાગામ કુસ્તી જેવી શારીરિક શિસ્ત અને કળાને પ્રોત્સાહન આપવા આવે છે ધનસુરા તાલુકાના વડા ગામ ખાતે ઠાકોર શ્રી ગોપાલસિંહજી શ્રેયસ વિદ્યાલયના શૈક્ષણિક સંકુલ માં કુસ્તીની તાલીમ આપવામાં આવે છે જેમાં દીકરીઓ અને દીકરાઓને બંને સહભાગી થઈ રહ્યા છે આ સંસ્થામાં અનેક બાળકો નિયમિત રીતે કુસ્તીની કળા શીખે છે અને રાજ્ય તેમ જ રાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધામાં ભાગ લઈને જિલ્લા નું નામ રોશન કરે છે આવી જ એક પ્રેરણાદાય વિદ્યાર્થીની છે કુમારી હિના ખલીફા જે શ્રેય વિદ્યાલયની ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે હિનાએ તાજેતરમાં એશિયન ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને કુસ્તીમાં પુષ્કળ પ્રદર્શન કરીને બ્રાન્ઝ મેડલ પસંદ કર્યું આ સિદ્ધિ દ્વારા તેણે ન માત્ર વડાગામ અને અરવલ્લી જિલ્લાનું પરંતુ ગુજરાત રાજ્યનું નામ પણ વૈશ્વિક સ્તરે ગુજતુ

વડા ગામના પુષ્ટિના કોઈ છે જણાવ્યું કે કુસ્તી એ માત્ર શારીરિક શક્તિની રમત નથી પરંતુ તે શિસ્ત સ્મરણ કર્યું અને આત્મવિશ્વાસનું પ્રતીક છે અમારા વિદ્યાર્થીઓ ખાસ કરીને દીકરીઓ આ રમતમાં ઉત્સાહથી ભાગ લઈ રહી છે અને એના ખલીફા જેવા ખેલાડીઓ અને બાળકો માટે પ્રેરણાનો સ્ટોર બની રહ્યા છે અમે તેમને રાષ્ટ્રીય અને પત્ર રાખીએ તેમને રાષ્ટ્રીય અને મંત્ર રાષ્ટ્રીય સ્તરે વધુ સફળતા હોસલ કરવા માટે સતત તાલીમ અને માર્ગદર્શન આપી રહ્યા છીએ

આ સંસ્થામાં કુસ્તીની તાલીમ આધુનિક પદ્ધતિઓ અને શિષ્ટબંધુ અભિગમ સાથે આપવામાં આવે છે જેના કારણે બાળકોમાં શારીરિક અને માનસિક બંને પ્રકારની સક્ષમતાઓનો વિકાસ થાય છે હીનાની સફળતાએ દર્શાવી છે કે ગ્રામીણ વિસ્તારોમાંથી પણ યોગ્ય તકો અને માર્ગદર્શન દ્વારા ખેલાડીઓ વૈશ્વિક ચરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકે છે આ ઉપર આમ અરવલ્લી જિલ્લામાં રમતગમતનો પ્રોત્સાહન આપવા માટે સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે જેમાં યુવાનોને રમતગમતના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે નેશનલ સ્પોટ ડેની ઉજવણી એ અરવલ્લી જિલ્લાના યુવાનોમાં રમત ગમત પ્રત્યે ઉત્સાહ વધારે છે એના ખેલીફા જેવા ખેલાડીની સફળ થાય દર્શાવી છે કે ગ્રામીણ વિસ્તારોમાં પણ પ્રતિભાવની કોઈપણ કમી નથી અને યોગ્ય તકો દ્વારા આ પ્રતિભાવનાઓ વિશ્વ સક્ષમ ચમકી શકે છે

# જૂનાગઢ અંબાજીના મહંતની નિમણૂક પ્રક્રિયા અંગે વિવાદ, સાધુ સમાજ દ્વારા આંદોલનની ચીમકી



ગિરનાર સ્થિત અંબાજી મંદિરના નવા મહંતની નિમણુંક માટેની પ્રક્રિયા પણ વિવાદાસ્પદ બનતી જાય છે. ઉદાસી સંપ્રદાયના મહામંડલેશ્વર દ્વારા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે કે, તનસુખગીરીના નિધન બાદ જે ચાદરવિધી થઈ છે તે ગેરકાયદે પ્રક્રિયા છે. તનસુખગીરી બ્રહ્મલીન થયાને ૧૦ મહિના જેટલો સમય થયો હોવા છતાં હજુ સુધી તેનો ભંડારો પણ કરવામાં આવ્યો નથી. માનવના મૃત્યુ બાદ તેમની પાછળ જે વિધી થાય તેને ક્રિયા કહે છે અને સાધુમાં તેને ભંડારો કહે છે. તનસુખગીરીની પાછળ ભંડારો કરવાને બદલે તેની જગ્યા લેવામાં અમુકને રસ હોવાના આક્ષેપ ઊઠી રહ્યા છે.

અંબાજીના મહંતના બ્રહ્મલીન થયા બાદ નવા મહંત મુદ્દે વિવાદ છેડાયો હતો. ત્યારબાદ તંત્ર દ્વારા વહિવટદારની નિમણુંક કરી દેવામાં આવી હતી. હવે વહિવટદાર દ્વારા નવા મહંતની નિમણુંક માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં ફોર્મમાં માંગવામાં આવેલી વિગતોને લઈ વિવાદ શરૂ થઈ ગયો છે. ઉદાસી સંપ્રદાયના મહામંડલેશ્વર અને પ્રભાસ-પાટણ સ્થિત નિરાળી ખોડીયાર મંદિરના મહંત બજરંગદાસ બાપુએ કલેક્ટરને રજુઆત કરી છે કે, હરીગીરી, ઈન્દ્રભારથી, બુદ્ધગીરી ત્રણેય સાધુ મળી પ્રેમગીરીને અંબાજીના મહંત તરીકેની ચાદરવિધી કરી હતી. જેમાં દશનામ સાધુ સમાજ, શ્રીમત જૂનાગઢ અખાડા, ગિરનાર મંડળના સાધુ સમાજે હાજરી આપી નથી.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.